બંગાળની ખાડીમાં હવાનું દબાણ સર્જાતા

ગુજરાતમાં ઘણા જિલ્લામાં વરસાદી ઝાપટા

રાજ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારેથી મધ્યમ વરસાદની પણ હવામાન વિભાગ દ્વારા આગાહી

ગાંધીનગર,તા.૮

હવામાન વિભાગે રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગરમાં વરસાદ થવાની સંભાવના છે, જ્યારે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત, તાપી અને ગાંડમાં વરસાદ થવાની શક્યતા છે. સાથે આણંદ, છોટા ઉદેપુર, વડોદરા અને ભરૂચમાં વરસાદ વરસી શકે છે.

ત્યારે આજે ગુજરાતમાં તેમાં પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. આજે વલસાડ, ડાંગ અને નવસારી જિલ્લામાં વરસાદ વરસ્યો હતો. તે ઉપરાંત સૌરાષ્ટ્રના ભાવનગર, રાજકોટ સહિત મધ્યગુજરાતના આણંદ, દાહોદના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા.

સિંચાઈ વિભાગના અધિકારીએ રાજ્યના જળાશયોની વિગતો આપતાં જણાવ્યું હતું કે સરદાર સરોવર જળાશયમાં ૩,૧૬,૩૮૪ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ છે. જે કુલ સંગ્રહ શકિતના ૯૪.૭૦% છે. રાજ્યનાં ૨૦૬ જળાશયોમાં ૪,૫૩,૫૯૪ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ છે, જે કુલ સંગ્રહ શકિતના ૮૧.૨૬% છે. હાલમાં રાજ્યમાં કુલ ૧૦૨ જળાશય હાઈ એલર્ટ પર, કુલ ૨૩ જળાશય એલર્ટ પર તેમજ ૧૧ જળાશય વોર્નિંગ પર છે.બીજી બાજુ બંગાળની ખાડીમાં હવાનું દબાણ સર્જાતા રાજ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારેથી મધ્યમ વરસાદની પણ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન અનુસાર તારીખ ૮મી સપ્ટેમ્બરના રોજ મહીસાગર, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને બોટાદમાં મધ્યમ વરસાદની આગાહી તો ૯મીએ વલસાડ, તાપી, નવસારી, ડાંગમાં ભારે વરસાદની આગાહી તો અમદાવાદ, આણંદ, અરવલ્લી, ખેડા, મહીસાગર, દાહોદ, પંચમહાલ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં મધ્યમ વરસાદ જ્યારે ૧૦મીએ તાપી, નવસારી, ડાંગ અને નર્મદામાં ભારે વરસાદની આગાહી તો અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, ખેડા, મહીસાગર, ભાવનગર, બોટાદ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

કારમાં તમામે સીટ બેલ્ટ નહીં પહેર્યો હોય તો પોલીસ રોકશે

ડ્રાઈવનો હેતુ કારમાં બેઠેલા તમામ વ્યક્તિઓને ફરજીયાત સીટ બેલ્ટ પહેરવા અંગે જાગૃતિ આવે તે માટેનો હશે

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસની ૩ દિવસ માટે સીટબેલ્ટ પહેરવા અંગે ખાસ ડ્રાઈવ શરૂ કરી છે. આ ડ્રાઈવનો હેતુ કારમાં બેઠેલા તમામ વ્યક્તિઓને ફરજીયાત સીટ બેલ્ટ પહેરવા અંગે જાગૃતિ આવે તે માટેનો હશે. પોલીસ અધિકારીનું કહેવું છે કે, દંડની વસૂલાત માટે હાલ કોઈ સૂચના નથી પણ પોતાની સુરક્ષા એ વાહન ચાલકની જવાબદારી હોવાથી ત્રણ દિવસની ઝૂંબેશમાં માત્ર સમજાવટ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું અકસ્માતમાં મોત થતાં શહેર પોલીસે આ બીડું ઝડપ્યું છે. મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટાટા સન્સના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું પ્રાથમિક તપાસમાં પોલીસ અકસ્માતનું કારણ ઓવરસ્પીડ અને રૉંગ સાઈડથી ઓવરટેક હોવાનું માની રહી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, પાછળ બેસેલા સાયરસ મિસ્ત્રીએ સીટ બેલ્ટ ન હોતો બાંધ્યો. કેન્દ્રીય મોટર વાહન નિયમ (૧૯૮૯)ની કલમ ૧૩૮(૩) અનુસાર કારમાં સીટ બેલ્ટ આપવામાં આવી છે અને તે દરેક કાર ચાલકે ખાસ કરીને આગળની સીટ પર બેઠેલી વ્યક્તિએ સીટ બેલ્ટ લગાડવો જરૂરી છે. સાથે જ ૫ સીટર કારમાં પાછળ બેસતા લોકોને સીટ બેલ્ટ પહેરવો જરૂરી છે. તો ૭ સીટર કારમાં પાછળ બેઠલા યાત્રિકોના ફેસ સામે બાજુ છે, તેમાં કાર ચાલતી હોય ત્યારે બેલ્ટ લગાડવો જરૂરી છે.

માલધારી સમાજનું ૨૦મીએ વેદના સભા નામે મહાસંમેલન

ટીંટોડા ખાતે માલધારી મહાપંચાયતની બેઠકમાં નિર્ણય લેવાયો

મહાસંમેલનમાં સ્થગિત કરાયેલા ઢોર નિયંત્રણ કાયદાને પરત ખેંચવા માલધારી સમાજ સરકાર પર દબાણ કરે તેવી શક્યતા

ગાંધીનગર, તા.૦૮

એક તરફ રાજ્યભરમાં રખડતાં ઢોરોના આતંકથી સામાન્ય નાગરિકો ત્રસ્ત છે અને આ રખડતાં ઢોરને નિયંત્રણમાં લેવા અદાલતથી માંડીને સરકાર લાલ આંખ કરી રહી છે ત્યારે બીજી તરફ માલધારી સમાજ સરકારની કાર્યવાહી સામે રોષ ઠાલવી બાંયો ચડાવવાની તૈયારી કરી રહ્યો હોય તેવું પ્રતિત થાય છે. આજે ગાંધીનગર તાલુકાના ટીંટોડા ખાતે માલધારી મહાપંચાયત દ્વારા એક બેઠક યોજવામાં આવી હતી અને પ્રાપ્?ત વિગતો અનુસાર આ બેઠકમાં આગામી તા.૨૦મી સપ્ટેમ્બરે શેરથા ટોલનાકા પાસે રબારી સમાજની ધર્મગુરુ ગાદી ખાતે "વેદના સભા"ના નામે માલધારી મહાસંમેલન યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા.૨૧ અને ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન ગુજરાત વિધાનસભાનું ટુંકું સત્ર યોજાવાનું છે જેમાં સ્થગિત કરાયેલા ઢોર નિયંત્રણ કાયદાને પરત ખેંચવા માલધારી સમાજ સરકાર પર દબાણ કરે તેવી ભીતિ સેવાઇ રહી છે. માલધારી મહાપંચાયતના નેજા હેઠળ આજે ટીંટોડા ખાતે યોજાયેલી માલધારી સમાજની મિટીંગમાં ટીંટોડા ગાદીના મહંત લખીરામબાપુ, મુંકુંદરામ બાપુ વડવાળા ધામ, ગોવિંદગીરી બાપુ વાળીનાથ ધામ, મહંત બળદેવદાસજી બાપુ ચવેલી ધામ, મહંત લખીરામ બાપુ દેત્રોજ ધામ, મહંત ગણેશદાસ બાપુ ઝાંક ધામ, વિજયદાસ બાપુ શેરથા ધામ, મહંત હરદેવદાસ બાપુ સાણંદ ધામ, મહંત ઘનશ્યામગીરી બાપુ થરા ધામ, ભુવાજી શકરાબાપા ઉનાવા ધામ, ભુવાજી કરમશીભાઈ કંબોઈ, ભુવાજી વિક્રમભાઈ કમલીવાળા તેમજ માલધારી સમાજના બન્ને ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ, રઘુભાઈ દેસાઈ અને ગાંધીનગરના પૂર્વ કોર્પોરેટર જીતુભાઈ રાયકા ઉપસ્થિત રહ્યાં હતા. આ બેઠકમાં ઢોર નિયત્રંણ કાયદો રદ કરવા, ગાયો અને ગોવાળના વિવિધ પ્રશ્નો અંગે "માલધારી વેદના સભા" યોજવા નિર્ણય કરાયો હતો જેમાં મોટી સંખ્યામાં માલધારી સમાજના ભાઈ-બહેનો ઉમટશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે.

ગુજરાતની જનતાએ ત્રીજા પક્ષને સ્વીકાર્યો જ નથી : ભરતસિંહ

કોંગ્રેસની પરિવર્તન યાત્રાના ભાગરૂપે આણંદમાં બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું

આણંદ,તા.૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે આમ આદમી પાર્ટીની એન્ટ્રીને લઈને ગુજરાતમાં ત્રીપાંખિયો જંગ ખેલાશે. જેને લઈને રાજકીય ગતીવીધીઓએ બરાબરનું જોર પકડયું છે. તેમાં પણ આમ આદમી પાર્ટી દ્વારા તળિયા (ગામડે)થી માંડી શહેરો સુધી જોર શોરથી તૈયારી આદરી દેવામાં આવી છે. ત્યારે આણંદમાં કોંગ્રેસ રેલીમાં ભરતસિંહ સોલંકીએ નિવેદન આપી આપ પર આકરા પ્રહારો કર્યા હતા.

આણંદ ખાતે કોંગ્રેસ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બે જ મુખ્ય પક્ષો રહ્યા છે. આ વખતે પણ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ ગુજરાત વિધાનસભાનો ગઢ જીતવા જંગ ખેલાશે. જેમાં પણ આ વખતે કોંગ્રેસ સૌથી વધુ સીટો મેળવી પ્રથમ સ્થાને રહેશે તેવો ભરતસિંહે આશાવાદ વ્યક્ત કર્યો હતો. વધુમાં ગુજરાતની જનતાએ ક્યારેય ત્રીજા પક્ષને સ્વીકાર્યો નથી. આથી પરિણામ આવે ત્યારે આપનું વજૂદ લોકોને ખબર પડશે. કોંગ્રેસની પરિવર્તન યાત્રાના ભાગરૂપે આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને યૂથ કોંગ્રેસના યુવાનો સાથે બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ભરતભાઈ સોલંકીએ બાઇક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

બાઈક રેલી આણંદ શહેરના મુખ્ય માર્ગો નવા બસ સ્ટેન્ડ સ્ટેશન રોડ, અમૂલ ડેરી થઈ મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ પાસે પાસે પૂર્ણ થઈ હતી.જેમાં મધ્ય ગુજરાતના પ્રભારી ઉષાબેન નાયડુ સહીત કાર્યકરો જોડાયા હતા.

બેંક ઓફ ઈન્ડિયાના ૧૧૭માં સ્થાપના દિને "કસ્ટમર કનેક્ટ" કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૦૮

તાજેતરમાં તા.૭મી સપ્ટેમ્બર બુધવારે બેંક ઓફ ઈન્ડિયાએ તેના ૧૧૬ વર્ષની સફળતાની ઉજવણી કરીને તેનો ૧૧૭મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. ગાંધીનગર ઝોનમાં આવેલી બેંક ઓફ ઈન્ડિયાની તમામ શાખાઓએ વિવિધ "કસ્ટમર કનેક્ટ" કાર્યક્રમો કર્યા જેમાં નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ, બ્લડ ડોનેશન કેમ્પ, શાળાના બાળકોને પુસ્તકોનું વિતરણ, આવા અનેક સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. ગાંધીનગરના સેક્ટર-૧૬માં કે.ડી. હોસ્પિટલ સાથે મળીને ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિન્દ્રા મોટર્સ દ્વારા લોન્ચ કરાયેલી નવી એક્સયુવી-૭૦૦ કારને પ્રદર્શિત કરીને સેક્ટર-૧૬માં "કાર લોન મેળા"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વરસતાં વરસાદમાં ખાડામાં પડી ઈજાગ્રસ્ત થયેલા

૧૪ વર્ષના બાળકનું ૪ કલાક નોન સ્ટોપ ઓપરેશન ચાલ્યું

અમદાવાદ,તા.૮

એક બાળક અમદાવાદનો છે જેને ખાડો એવો તો નડ્યો કે તે આખી જિંદગી યાદ રાખશે. અમદાવાદમાં રાજ ભરવાડ માત્ર ૧૪ વર્ષનો છે અને તે અમદાવાદના એસ.જી. હાઈવે પર રાજપથ ક્લબ પાસે રહે છે. વરસતા વરસાદમાં ૧૪ વર્ષના રાજને જિંદગી ભરની ખોટ થઈ છે. રાજ ૧૯મી જુલાઈએ જ્યારે સ્કૂલમાંથી પરત ફરી રહ્યો હતો ત્યારે અચાનક વરસતા વરસાદમાં એક ગાડી ખાડામાં પડી અને તેનું પાણી રાજની આંખમાં ગયું. હજુ તો તે આંખ સાફ કરે એ પહેલા બીજી ગાડી ખાડામાંથી પસાર થઈ અને ૧૪ વર્ષના બાળકને ખાડામાં ફેંકતી ગઈ. ખાડામાં પડેલો રાજ ખાડામાં એવો તો પડ્યો કે તેના ઘૂંટણની ઢાંકણી ખસી ગઈ ત્યાર બાદ રાજને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. તેના નાનકડા પગનું ૪ કલાક ઓપરેશન ચાલ્યું અને આખરે ઘૂંટણમાં રાજને ઢાંકણી નાખવામાં આવી હતી.

ગુજરાતમાં માત્ર ૮ માસમાં કરોડોનો દારૂ ઘૂસ્યો

દારૂની રેલમછેલ નહીં, આખો દરિયો જ છે : ગત ૩૧ ઓગસ્ટ તેમજ ૦૩ અને ૦૪ સપ્ટેમ્બરના રોજ શામળાજી પોલીસને અણસોલ ચેકપોસ્ટ પાસે તપાસ દરમિયાન વિદેશી દારૂનો મોટો જથ્થો મળ્યો

અરવલ્લી,તા.૭

રાજસ્થાન-ગુજરાતની બોર્ડર પર આવેલા અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસ મથકમાં છેલ્લા એક અઠવાડિયામાં એક કરોડ ઉપરાંતનો દારૂનો મુદ્દામાલ ઝડપાયો છે. તહેવારો પહેલા ગુજરાતમાં દારૂની રેલમછેલ કરવા માટે બૂટલેગરો બેતાબ બન્યાં છે. પોલીસે ૨૦ લાખ ઉપરના દારૂ મામલે મની લોન્ડ્રિંગ અંતર્ગત કાર્યવાહી કરવા પણ નિર્દેશ આપ્યા છે. રાજ્યમાં દારૂ બંધીની અમલવારી માટે બોર્ડર વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. જેને લઈને શામળાજી પોલીસ ને છેલ્લા એક અઠવાડિયામાં મોટા પ્રહિબિષણના કેસ નોંધાયા છે. જેમાં ત્રણ વાહનોમાંથી પોલીસે અધધધ કહી શકાય એટલી ૧૬૫૫ પેટી દારૂની મળી આવી છે. પોલીસે કુલ ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. ગત ૩૧ ઓગસ્ટ તેમજ ૦૩ અને ૦૪ સપ્ટેમ્બરના રોજ શામળાજી પોલીસે અણસોલ ચેકપોસ્ટ પાસે વાહન તપાસ દરમિયાન વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ અગાઉ પકડતા દારૂ નાની ગાડીઓમાં હેરાફેરી થતી હતી. પણ અચાનક બૂટલેગરો દ્વારા તહેવારો પહેલા ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે મરણિયા બન્યા છે. ગુજરાતમાં રાજકોટ, વડોદરા સુધી દારૂ પહોંચાડવાના બુટેલગરોના મનસૂબા પર અરવલ્લી પોલીસે પાણી ફેરવી દીધું છે. વાત કરીએ ગુન્હાની તો ૩૧ ઓગસ્ટના રોજ ઝડપાયેલ ટ્રકમાં ૪૭૦ પેટી દારૂનો ૩૩ લાખનો કુલ ૪૧ લાખનો મુદ્દામાલ ઝડપાયો હતો. ત્યારે ૦૩ સપ્ટેમ્બરના રોજ પોલીસે ત્રકમથી ૧૫.૪૧ લાખની ૪૩૦ પેટી દારૂ સહિત કુલ ૨૩.૪૩ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે. બીજી તરફ ગત ૦૪ સપ્ટેમ્બરના રોજ પોલીસને ચોંકાવનારો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં પોલીસે ટ્રક માંથી ૩૮ લાખ કિંમતની ૭૫૫ પેટી સાથે ૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસે ત્રણેય ગુનામાં ત્રણ આરોપીઓને ઝડપ્યા છે. અને અન્ય ત્રણ વોન્ટેડને પકડવા કાર્યવાહી હાથ ધરી છે. અચાનક બુટેલગરોની ગતિવિધિ દારૂ લાવવામાં તેજ બનવાની સાથે પોલીસ એલર્ટ બની છે. ગત વર્ષે એક વર્ષમાં ૧૦ કરોડનો દારૂ પોલીસે પકડ્યો હતો, ત્યારે ચાલુ વર્ષે માત્ર ૮ મહિનામાં ૬ કરોડનો દારૂ પોલીસ જપ્ત કરી ચૂકી છે. એસપી સંજય ખરાત દ્વારા દારૂની હેરાફેરી કરતા મોટા બુટલેગરોને નામ લિસ્ટેડ કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે પોલીસે ૨૦ લાખ ઉપરના દારૂ મામલે મની લોન્ડ્રિંગ અંતર્ગત કાર્યવાહી કરવા પણ નિર્દેશ આપ્યા છે. ગુજરાતમાં દારૂ કોને ક્યાં મંગાવ્યો તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઈ છે.

જોખમી સ્લેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધાબાની સીડી પર સ્થિત સ્લેબમાં મોટી તિરાડો પડી ગઈ હોવાનુ પણ સર્વે દરમિયાન સ્પષ્ટ થયુ હતુ જયારે આ જોખમી સ્લેબ પણ તોડી નાંખવા માટે નિર્ણય લેવાયો છે. પાટનગર યોજના વિભાગ દ્વારા સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં આ પ્રકારના સ્લેબ ઉપરથી તોડી નાંખવામાં આવે છે. શહેરના સે - ૮ માં પણ ગ - ૧ કક્ષાના આવાસોમાં આ મુજબ સીડી પરનો સ્લેબ જોખમી માલુમ પડતા તોડીને ખુલ્લો કરી દેવાયો છે. જયારે અન્ય સેકટરોમાં પણ અભ્યાસના અંતે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્લેબ ઉપરથી તોડી નાંખવામાં આવ્યા બાદ ટુંકમાં આ ઠેકાણે શેડ બનાવી દેવાશે અલબત્ત પતરાનો શેડ કરીને ખુલ્લી જગ્યા ઢાંકી દેવામાં આવશે જેથી આવાસ માથે સ્થિત સ્લેબ જોખમી પુરવાર ન થાય શહેરમાં જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે જુના આવાસોમાં મકાનની સ્થિતિ યોગ્ય હોય પરંતુ ધાબાને ભાગે સીડી પરનો સ્લેબ કે બાંધકામમાં મોટી તિરાડો જોવા મળતા સર્વેના અંતે એ ભાગ દુર કરવા માટે તોડવાનુ કામ ચાલી રહ્યુ છે.

સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે અને તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩એ દર્દીએ તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. સ્વાઈન ફ્લુના કેસોમાં રિકવરી રેટ પણ સારો હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

સ્વાઈન ફ્લુ એ ઝડપથી ફેલાતો ચેપી રોગ હોવાથી લોકોને સતર્કતા સાથે સાવચેત રહેવા જણાવવામાં આવ્યુ હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

સફાઈ કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેન્ટ્રલ વર્જમાં ઘાસ તેમજ વનસ્પતિ ઉગી નિકળી છે. જેના લીધે નગરના વિવિધ ક્રોસ જંકશન પર વાહનચાલકોને વિઝન પણ મળતુ નથી ક્રોસીંગ પોઈન્ટ પર માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ સર્જાઈ છે. સેન્ટ્રલ વર્જમાં સફાઇના અભાવે ગંદકી જોવા મળે છે. કચરામાં વરસાદી પાણી ભળતા કોહવાટના લીધે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે. શહેરમાં માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં ક્રોસ જંકશન પાસે વાહનચાલકોને માર્ગ ઓળંગતી વેળાએ સામેથી આવતુ વાહન વિઝનમાં આવે તે માટે અમુક ભાગમાં જગ્યા છોડી દેવામાં આવી છે. અલબત્ત આ ભાગમાં પેવર બ્લોક લગાવી દેવાયા છે. પરંતુ હજુ પણ ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે મુખ્યમાર્ગો પર દોડતા વાહનોની ઝડપ વધુ હોવાના લીધે અકસ્માતનો ભય રહે છે. આવા સંજોગોમાં સેન્ટ્રલ વર્જમાં સ્થિત રોપાઓનુ યોગ્ય ટ્રીમીંગ તેમજ સફાઇ થાય તે અનિવાર્ય છે. વરસાદી દિવસોના અંતે પાટનગર યોજના વિભાગ દ્વારા સેન્ટ્રલ વર્જમાં સફાઇ કરવા માટે આયોજન કરાયુ છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં સફાઇ કરવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે ત્યારે મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ યોગ્ય સફાઇ કરવામાં આવે તે અનિવાર્ય છે. વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગના પણ ઠેકાણા નથી ત્યારે નવા રોપાઓની વાવણીના અંતે ઉગતી હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે.

છાંટણા પડ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનો આકરો બફારો અનુભવી રહ્યા હતા શહેરમાં અત્યાર સુધી સિઝનનો પર્યાપ્ત વરસાદ થઈ ગયો છે. આજે સવારથી વાતાવરણમાં વધતા ભેજના પ્રમાણ વચ્ચે સેકટરવાસીઓ સતત બફારાથી અકળાયા હતા જયારે દિવસનો તાપ પણ આકરો અનુભવ્યો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨.૮ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૪.૬ ડીગ્રી રહ્યુ હતુ. જયારે સવારે અને સાંજે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૦ ટકા રહ્યુ હતુ. છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાન આ સ્થિતિમાં જ જોવા મળે છે. જયારે ભેજના પ્રમાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. હવામાન તજજ્ઞોના મતે સપ્ટેમ્બર મહીનામાં આગામી દિવસોમાં વરસાદના હળવા ભારે ઝાપટા પડવાની સંભાવના છે. એકબાજુ વરસાદી દિવસો પુરા થવામાં છે ત્યારે સેકટરોમાં ઠેર ઠેર ચોમાસા દરમિયાન દુવિધાઓ મંડરાઈ છે. શહેરના સેકટરોમાં શેરી સફાઇ સહીતની કામગીરી થતી નથી જયારે સતત ભીંજારાના માહોલ વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ પણ વધી ગયો છે. ત્યારે હજુ પણ સપ્ટેમ્બર મહીના દરમિયાન વરસાદી વાદળો ગરજે અલબત્ત વરસે તેવી સંભાવના છે. ત્યારે તપતા ભાદરવામાં ભીંજારાના માહોલ વચ્ચે નગરજનો ઠંડી ગરમીનો અહેસાસ કરશે. છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ વધ્યો છે. જેના લીધે નગરજનો ગરમીથી અકળાયા છે. સાંજના સમયે વરસાદી વાયરાથી થોડીવાર માટે ઠંડક પ્રવર્તી હતી જો કે વરસાદી છાંટણાના અંતે નગરજનોએ ઉકળાટ અનુભવ્યો હતો. આગામી દિવસોમાં વરસાદના હળવા ભારે ઝાપટા વરસશે તેવી શકયતા પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

અણસાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજસ્થાનના શ્રીગંગાનગરમાં છે. જ્યારે સૌથી સસ્તુ પેટ્રોલ પોર્ટ બ્લેરમાં મળે છે જ્યાં તેનો ભાવ ૮૪ રૂપિયાની આસપાસ છે. એક્સપર્ટ્સના જણાવ્યા પ્રમાણે હવે ડબલ્યુટીઆઈક્રૂડ ૮૫ ડોલરની આસપાસ પહોંચી ગયું છે. તેના કારણે ભારતીય અર્થતંત્રને ચોક્કસ ફાયદો થશે. સરકાર તહેવારોની સિઝનમાં લોકોને રાહત આપી શકે છે. પેટ્રોલ અને ડીઝલમાં ત્રણથી ચાર રૂપિયાનો ઘટાડો કરી શકાય છે.

કર્તવ્ય પથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદી જ આ કરી શક્યા હોત, પીએમ મોદી કી જય હો. તે જ સમયે,"દ્રછમાં રહેલા કર્નલ ધિલ્લોનના પુત્રનું કહેવું છે કે દેશનું ચિત્ર બદલાઈ રહ્યું છે. લોકોએ નેતાજીના માર્ગ પર ચાલવું જોઈએ.

૬૫ મેટ્રિક ટન વજન ધરાવતી આ પ્રતિમા લગભગ ૨૬,૦૦૦ કલાકના અથાક કલાત્મક પ્રયાસોથી મોનોલિથિક ગ્રેનાઈટ કોતરીને તૈયાર કરવામાં આવી છે. બ્લેક કલરના ગ્રેનાઈટ સ્ટોનથી બનેલી આ ૨૮ ફૂટ ઊંચી પ્રતિમા ઈન્ડિયા ગેટ પાસે એક છતરીની નીચે સ્થાપિત કરવામાં આવી છે. નેતાજીની આ પ્રતિમા પરંપરાગત તકનીકો અને આધુનિક સાધનોનો ઉપયોગ કરીને સંપૂર્ણપણે હાથથી બનાવવામાં આવી છે.

મંદિરનું કાર્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

થાંભલા અને અન્ય વિભાગો તબક્કાવાર માળખાના ડ્રોઈંગ મુજબ ઉમેરવામાં આવશે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ડિસેમ્બર ૨૦૨૩ સુધી ગર્ભગૃહના નિર્માણનું કાર્ય પૂરુ કરવાનું લક્ષ્ય બનાવ્યું છે. રામ ભક્તોની આસ્થાનું પ્રતિક, સદીઓથી અસ્તિત્વમાં રહેલા રામ મંદિરના પાયાના નિર્માણમાં ભારતની ૮ ટેકનિકલ એજન્સીઓની મદદ લેવામાં આવી છે. જેથી કરીને કોઈપણ પ્રકારની કમી ન રહે. તમને જણાવી દઈએ કે મંદિરનો ભોંય બનાવવામાં લગભગ ૭ મહિનાનો સમય લાગ્યો છે.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર
લોકાયુક્ત ભવનની પાછળ, 'છ' રોડ, સેક્ટર-૧૦બી,
ફોન નં. ૭૯-૨૩૨૫૬૮૦૧, ફેક્સ નં. ૦૭૯-૨૩૨૫૬૨૨૦
website : www.gsphc.gujarat.gov.in
Email : gsphecltd@gmaul.com, CIN : U4520GJ1988SGC011453

પ્રિન્ટીંગનું કામ કરવા અંગે

વર્ષ-૨૦૨૨-૨૪ના વર્ષ માટે વડી કચેરી તેમજ તમામ વિભાગીય કચેરી ખાતેના પ્રિન્ટીંગના કામ માટે સરકારી - અર્ધ સરકારી કચેરીઓમાં આ પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતા ગાંધીનગર / અમદાવાદ સ્થિત પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. જે અંગે નિગમ દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો સાથેના ટેન્ડર ફોર્મ નિગમની રજીસ્ટર્ડ ઓફિસ ખાતેથી કચેરીના કામકાજના ચાલુ દિવસોએ સવારે ૧૧.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમિયાન ટેન્ડર દીઠ રૂ. ૬૦૦/- ટેન્ડર ફી (પરત નહિ મળવા પાત્ર) ભરી તા. ૧૭/૯/૨૦૨૨ના ૧૭.૦૦ કલાક સુધી મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૨૬/૯/૨૦૨૨ સુધી સાંજના ૧૭.૦૦ કલાક સુધી જ આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી સ્વીકારવામાં આવશે અને ટેન્ડર તા. ૨૭/૯/૨૦૨૨ના રોજ બપોરના ૧૩.૦૦ કલાકે ખોલવામાં આવશે. આ અંગેની વિગતો નિગમની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ રહેશે. ટેન્ડરને લગતી બાબતનો નિર્ણય લેવાનો હક્ક નિગમને અબાધિત રહેશે.

માહિતી/૧૩૨૧/૨૨-૨૩ — મેનેજીંગ ડીરેક્ટર